પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૭૯, કુલ પાના:૪, તારીખ: ૨૫-૧૧-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 79 PRICE :-RS. 1.50 DATE : 25-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના બેકાબૂ: વડાપ્રધાને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી

# વેક્સિન ક્યારે આવશે તેના સમય અંગે કંઈ કહી ન શકાય: મોદી

ન્યુ દિલ્હી,

આખા દેશમાં કોરોના મહામારી બેકાબૂ થઈ ગઈ છે. ત્યારે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ એક્શન મોડમાં આવી ગયા છે અને વડાપ્રધાન મોદીએ આજે ૨ જુદી-જુદી વીડિયો કોન્ફરન્સ કરી હતી. જેમા તેઓએ પહેલા દેશના ૭ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી જેમા પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન, ગુજરાત, છત્તીસગઢ અને હરિયાણાના મુખ્યમંત્રીઓ સાથે કોરોના મહામારી અને તેની વેક્સિનના ડિસ્ટ્રિબ્યુશનની સ્ટ્રેટેજી પર ચર્ચા કરી હતી.




કોરોનાની સ્થિતિ અંગે આઠ રાજ્યોના મુખ્યપ્રધાનો સાથેની બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કરી દીધુ હતુ કે વેક્સિન એટલે કે કોરોનાની રસી ક્યારે આવશે તેના અંગે કશું કહી શકાય. કેટલાક લોકો વેક્સિન અંગે રાજકારણ રમે છે, રાજકારણ કરતાં કોઈને રોકી ન શકાય. વેકસીન વૈજ્ઞાનિકોના હાથમાં છે. હમારી કસ્તી વહા ડૂબી જહાં પાની કમ થા, એમ કહેવાની સાથે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે કોરોના સામેની લડાઈના મોરચે આ સ્થિતિ નહીં આવવા દઈએ. કોરોના આવ્યો ત્યારે તેને લઈને ઘણો ડર હતો. પણ હવે તેના અંગે તેટલો ડર નથી, તેનો ડર ભલે ન હોય, પરંતુ તેના અંગે સાવચેતી જરૂરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોનાની સ્થિતિ અંગે ગુજરાત સહિત દેશના આઠ રાજ્યો સાથેના મુખ્યપ્રધાનો સાથેની બેઠક પછી જણાવ્યું હતું કે દેશમાં કોરોનાના ચોથો તબક્કો ચાલી રહ્યો છે. આ

★ દેશમાં વેક્સિન ક્યારે આવશે તે સરકાર નહીં વૈજ્ઞાનિકો જ નક્કી કરી શકશે, દેશમાં કોરોનાનો ચોથો તબક્કો, આ સ્થિતિ લાંબી ચાલશે, લોકો માનવા લાગ્યા છે કે કોરોના નબળો પડ્યો પરંતુ આ સમયે બેદરકારી ન દાખવો.

★ વેક્સિન અંગે કેટલાક લોકો રાજનીતિ કરી રહ્યા છે, પરંતુ કોઈને રાજનીતિ કરતા રોકી ન શકાય, રેપિડની સાથે **RT-PCR** ટેસ્ટ વધારવા જરૂરી.

★ બેઠકમાં દિલ્હી, ગુજરાત, કેરળ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને રાજસ્થાનના મુખ્યમંત્રી સામેલ હતા.

★ કોરોના અંગે હમારી કસ્તી વહાં ડૂબી જહાં પાની કમ થા' તેવી સ્થિતિ નહીં આવવા દઈએ: મોદી.

સ્થિતિ હજી લાંબી ચાલશે, તેથી લોકોએ કોરોના જતો રહ્યો છે તેમ માની અસાવધ થવાની જરૂર નથી. રેપિડ એન્ટિજન ટેસ્ટની સાથે હવે દૈનિક ધોરણે આરટી-પીસીઆર ટેસ્ટ પણ વધારવા જરૂરી છે. જો લોકો સાવચેત ન રહ્યા તો ભારતમાં કોરોનાના કેસોની સંખ્યા વધી શકે છે, જે સ્થિતિ હાલમાં તહેવારો પછી જોવા મળી રહી છે. આમ છતાં પણ આપણી સ્થિતિ અન્ય દેશો કરતાં વધારે સારી છે.

કોરોના વેક્સિન અંગે મોદીએ જણાવ્યું હતું કે કોરોનાની રસીના મોરચે અનેક સમાચાર આવી રહ્યા છે, પણ કોરોનાની રસી ક્યારે આવશે તે વૈજ્ઞાનિકો નક્કી કરશે, તેની કિંમત કેટલી હશે, તેના કેટલા ડોઝ લેવા પડશે તેના અંગે હજી સુધી કશું જ નક્કી થયું નથી. કોઈ કોરોનાની રસીને લઈને રાજકારણ કરે તો અમે તેને રોકી ન શકીએ. આ હાથ મારા અને તમારા હાથની વાત નથી. વૈજ્ઞાનિક પ્રક્રિયાને આધીન છે. તેમણે લોકોને કોરોના માટેની માર્ગદર્શિકાઓનું પાલન કરવા કહ્યુ હતુ. તેમણે કહ્યું હતું કે ભારતમાં કોરોનાનો રિકવરી રેટ સારો છે.

ભારત સરકાર આ સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે અને રાજ્યોને પણ તેની માહિતી આપી રહી છે. કેટલાય લોકોએ હવે કોરોના થાય તો તેની બીમારી છૂપાવે છે, આવું ન થવુ જોઈએ. કોરોનાના મોરચે લોકોએ જરા પણ બેદરકારી દાખવવી ન જોઈએ. કેટલાક રાજ્યોમાં કોરોનાની સ્થિતિ ઘણી ખરાબ છે. આ સમયે બધાએ એકબીજા સાથે સહયોગ સાધવો જરૂરી છે. રાજ્યોને કોરોના સામે લડવા સહાય પેટે બે-બે હજાર કરોડની રકમ આપવામાં આવી છે.

## પરિસ્થિતિ નિયંત્રણમાં નહીં આવે ત્યાં સુધી નાઈટ કર્ફ્યૂ ચાલુ રહેશે: રૂપાણી

ગાંધીનગર,

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. કોરોના સંક્રમિત નાગરિકોને તુરંત સારવાર આપવા માટે પૂરતા પ્રમાણમાં કોવિડ બેડ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણ અટકાવવા રાજ્ય સરકારે ત્વરિત પગલા ભર્યા છે, જેના ભાગરૂપે કોરોનાના કેસ વધવાની સાથે સૌથી પહેલા અમદાવાદ શહેરમાં વીકએન્ડ કરફ્યૂનો અમલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વડોદરા, સુરત અને રાજકોટમાં પણ રાત્રે ૯થી સવારે ૬ સુધી નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે, જે પરિસ્થિતિ નિયંત્રણમાં નહીં આવે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવશે. રાજ્યમાં લગ્નો અને જાહેર સમારોહમાં પણ સંખ્યા ૨૦૦થી ઘટાડીને ૧૦૦ કરવામાં આવી છે, જ્યારે અંતિમવિધિમાં ૫૦ લોકોને



સામેલ થવાની મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અમદાવાદ સહિત અન્ય શહેરોમાં કોવિડ બેડની સંખ્યા વધારવામાં આવી છે.

હાલમાં લગભગ ૫૫ હજાર આઈસોલેશન બેડ ઉપલબ્ધ છે, જેમાં ૮૫ ટકા એટલે કે લગભગ ૪૫ હજાર બેડ ખાલી છે. કોવિડના દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા માટે ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા વધુ પ્રભાવિ બનાવવામાં આવી છે. જેથી કરીને કોરોના સંક્રમિત દર્દીઓને યોગ્ય હોસ્પિટલમાં કોરોનાની સારવાર મળી રહે આ ઉપરાંત ૧૦૪ હેલ્પલાઈન દ્વારા લોકોને ઘરે બેઠા કોવિડ સંબંધિત સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેનો અત્યાર સુધીમાં ૨ લાખ ૭૮ હજારથી વધુ લોકોએ લાભ લીધો છે. બોન્ડ ધરાવતા ડૉક્ટરોને એપીડેમિક એક્ટ અંતર્ગત તાત્કાલિક હાજર થવા જણાવાયું છે.

જનરલ સર્વેલન્સ અને કોમ્યુનિટી સર્વેલન્સ ટીમોની સંખ્યા મોટા પ્રમાણમાં વધારવામાં આવી છે. વિજય રૂપાણીએ કહ્યુ હતુ કે, કોવિડ પ્રભાવિત વિસ્તારોમાં સારવાર માટે ૧,૧૦૦ ધનવંન્તરી રથ કાર્યરત હતા જેની સંખ્યા વધારીને ૧૭૦૦ કરવામાં આવી છે. આ રથ દ્વારા ડોર સ્ટેપ ઓપીડી ઉપલબ્ધ કરાવવામાં આવે છે જે ખૂબ લોકપ્રિય બની છે. આ સેવાનો અત્યાર સુધીમાં ૧.૫૨ લાખ લોકોએ લાભ લીધો છે, જેમાં શરદી, ઉધરસ સહિત વિવિધ રોગોના દર્દીઓ સામેલ છે. ગુજરાત સરકારે રાજ્યમાં આરટી-પીસીઆર ટેસ્ટીંગ અને એન્ટીજન ટેસ્ટિંગનું પ્રમાણ મોટી માત્રામાં વધાર્યું છે, જે અંતર્ગત ગઈકાલે લગભગ ૭૦ હજાર ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં

(અનુ.પાના.નં.૨)

## સરકાર કોરોનાના આંકડામાં ગોલમાલ કરી રહી છે: હાર્દિક પટેલ

ગાંધીનગર,



ગુજરાતમાં ઘાતક કોરોના વાયરસનો કહેર વધ્યો છે. ત્યારે ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે રાજ્યમાં કોરોનાની સ્થિતિ અંગે સવાલ ઉઠાવ્યા છે. તેમણે ટ્વિટ કરીને જણાવ્યુ હતુ કે, એક મહિના પહેલા જે કેસ આવતા હતા તે કેસ આજે આવી રહ્યા છે. તો અચાનક કર્ફ્યૂની જરૂર કેમ પડી. સરકાર કોરોનાના આંકડામાં ગોલમાલ કરી રહી છે. સરકાર કોરોના જેવી મહામારીમાં પણ લાપરવાહી રાખી રહી છે.

ગુજરાત સરકારે કોરોના મહામારી સામે લડવા અને તૈયારી માટે સર્વપક્ષીય બેઠક બોલાવી જોઈએ. તમામ ધારાસભ્યો અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓની સંયુક્ત બેઠકમાં ગુજરાતને કોરોનાથી મુક્ત કરવા માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવી જોઈએ. સામાન્ય માણસ મરી રહ્યો છે અને ગુજરાત સરકાર મૌન બેઠી છે.

## ૮ મહિનાથી ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓની આવક બંધ થતા ૭ લાખ કર્મચારીઓ હાલત કફોડી

અમદાવાદ,

કોરોનાને કારણે છેલ્લા ૮ મહિનાથી ગુજરાતની અનેક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ હાલાકીનો સામનો કરી રહી છે. ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓની સ્થિતિ અનલોક-૪ બાદ પણ જેમની તેમ જ છે. એક તરફ સરકારી ગાઈડલાઈનને લઈને લોકો કાર્યક્રમ કરવા કે ન કરવા તે વિશેની ગેરસમજનો ભોગ બની રહ્યા છે, તો બીજી તરફ રાત્રિ કરફ્યૂને કારણે ઈવેન્ટ ઈન્ડસ્ટ્રીને ૧૨૦૦ કરોડનું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. લોકડાઉનથી શરૂ કરીને અત્યાર સુધી આર્ટિસ્ટ તેમજ ઈવેન્ટ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોના પરિવારોનું ગુજરાન મુશ્કેલીમાં મૂકાયું છે. ત્યારે કોરોનાના ફેઝ-૨ ને કારણે રાત્રિ કરફ્યૂ જાહેર કરાતા કારણે માંડ માંડ થયેલા બુકિંગ પણ કેન્સલ થવા માંડ્યા છે.

જેને કારણે ઈવેન્ટ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોના હાલ બેહાલ થયા છે. ઈવેન્ટ ઈન્ડસ્ટ્રીની વાત કરીએ તો સાઉથ ગુજરાતમાં નાના-મોટા મળીને અંદાજિત પાંચ જેટલા એસોસિએશન છે. તેમાં રજિસ્ટર્ડ લોકો ૧૨ હજારની આસપાસ છે અને તેમાં ૬:૩૦ થી ૭ લાખ જેટલો સ્ટાફ છે. આ ઈન્ડસ્ટ્રી મોટી છે અને લોકડાઉન ખૂલ્યા બાદ સરકારે થોડી ઘણી રાહત આપી છે તેને લીધે થોડા ઘણા બુકિંગ આવ્યા છે. કારણ કે લોકડાઉનને કારણે ઘણા વ્યક્તિઓના લગ્ન મોકૂફ થયા હતા. પરંતુ રાત્રિ કરફ્યૂને કારણે હવે બુકિંગ કેન્સલ થવા માંડ્યા છે.

જેને કારણે તેઓ ખૂબ મુશ્કેલીમાં મુકાયા છે. જેને લઈને હાલ આ ઈન્ડસ્ટ્રીને ૧૨૦૦ કરોડનું નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે

(અનુ.પાના.નં.૨)

## ડિજિટલ સ્ટ્રાઈક: વધુ ૪૩ મોબાઈલ એપ્લિકેશન પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી,

કેન્દ્રની મોદી સરકારે વધુ એક ડિજિટલ સ્ટ્રાઈક કરતાં એપ્લિકેશન પર સપાટો બોલાવી દીધો છે. આ વખતે મોદી સરકારે વધુ ૪૩ એપ પર બેન મુકી દીધો છે. આ એપ્લિકેશનમાં અલી બાબા એક્સપ્રેસ, અલી એક્સપ્રેસ, લાલામુવ ઈન્ડિયા (ડિલિવરી એપ), સ્નેક વીડિયો સહિતની ૪૩ એપ પર પ્રતિબંધ મુકી દીધો છે.




.સરકારને આ ઍપ્સને લઈને ફરિયાદ મળી હતી કે આ ઍપ્સ ભારતીય સુરક્ષા અને કાયદો વ્યવસ્થા માટે ખતરારૂપ સાબિત થઈ શકે છે. જે બાદ સરકારે આગમચેતીરૂપે આ ૪૩ ઍપ્સને બંધ કરી દીધી હતી.

કેન્દ્રની મોદી સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ ૬૯-એ હેઠળ આ તમામ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ લગાવ્યો છે. કેન્દ્રએ એપ બેનને લઈને જણાવ્યું છે કે, આ એપ એવી ગતિવિધિઓમાં સંડોવાયેલી છે, જેનાથી દેશની એકતા, અખંડિતતા, સુરક્ષા માટે ખતરો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ મોદી સરકારે ચાર વખત ચાઈનીઝ એપ્સ પર સપાટો બોલાવ્યો છે.

૧૫ જૂને ગલવાન ઘાટીમાં ભારત અને ચીની સેના વચ્ચે થયેલ હિંસક અથડામણ બાદ પહેલીવાર મોદી સરકારે ૨૯ જૂનના રોજ ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. અને તે બાદ આ સિલસિલો ચાલુ જ રહ્યો છે. ૨૭ જુલાઈએ પણ ૪૭ એપ્સ, ૨ સપ્ટેમ્બરે ૧૧૮ પબજી સહિત ૧૧૮ એપ્સ પર બેન મુકી દીધો હતો. અને આજે હવે ફરીથી વધુ ૪૩ એપ્સ પર સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે.

## ફરી લોકડાઉન થાય તો આર્થિક વૃદ્ધિની ગતિ ધીમી પડશે: નોમુરા

ન્યુ દિલ્હી,

ગુજરાત, મધ્યપ્રદેશ, ગુજરાત, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં ફરી લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઇ છે જેનાથી આર્થિક વૃદ્ધિની ગતિ ધીમી પડી શકે છે. જાપાનની બ્રોકરેજ કંપની નોમુરાએ તાજેતરમાં કહ્યુ કે, તેનાથી બજારની ગતિવિધિઓના પુનારંભરનું પરિદ્રશ્ય ચિંતાજનક બની રહ્યુ છે. નોમુરા એ મહામારી બાદ બજારની ગતિવિધિઓમાં સુધારણાને માપવા માટે સૂચકાંક તૈયાર કર્યો છે. નોમુરાએ કહ્યુ કે, ૨૨ નવેમ્બરે સમાપ્ત સપ્તાહમાં સૂચકાંકે સાધારણ વૃદ્ધિ હાંસલ કરી છે. પરંતુ તે હજી પણ કોરોના મહામારી પૂર્વેના સ્તરથી નીચે છે. સૂચકાંકમાં એપલની સ્થિતિમાં તીવ્ર સુધારો જોવા મળ્યો છે જે અંતઃ કોરોનાની પૂર્વેના સ્તરે પહોંચી ગયો છે. તો ગૂગલમાં સુધારો જારી છે. અલબત્ત, ઘણા રાજ્યોમાં કોવિડ-૧૯ના કેસો ફરી વધતા સ્થાનિક લોકડાઉન કે કરફ્યુ લાગુ કરવામાં આવ્યુ છે, જેને લઈને આર્થિક નિષ્ણાંતોએ ચિંતા વ્યક્ત કરી છે.

નોમુકાએ ચેતવણી આપી છે કે, લોકડાઉન આગામી બેથી ત્રણ મહિનામાં તબક્કાવાર સુધારણાની ગતિને ધીમી પાડી શકે છે. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર સરકારે સોમવારે ફરી કોરોના વાયરસના કેસોમાં વધારો દર્શાવનાર રાજ્યોમાંથી આવતા મુસાફરો માટે સ્ટાન્ડર્ડ ઓપરેશન્લ પ્રોટોકોલ એટલે કે એસઓપી જારી કરી છે. આવા રાજ્યોના લોકો પાસે નેગેટિવ કોરોના રિપોર્ટ હશે તો જ તેમને મહારાષ્ટ્રમાં પ્રવેશવા દેવામાં આવશે. જે રાજ્યોમાં કોરોના સંક્રમણના તાજેતરમાં મોટા પ્રમાણમાં નવા કેસો સામે આવ્યા છે, તેમને પણ ચેતવણી જારી કરી છે કે મહામારીની બીજી કહેર આવી શકે છે અને તેના લીધે ત્યાં ફરી લોકડાઉન આવી શકે છે.

### કોરોના મામલે રાહતના સમાચાર

## ૨૪ કલાકમાં માત્ર ૩૭ હજાર કેસ નોંધાયા, ૪૮૦ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,

મંગળવાર સવારે કોરોના વાયરસ સંક્રમણના નવા કેસોના આંકડાઓએ આંશિક રાહત આપી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના ટેસ્ટિંગની સંખ્યા વધરવામાં આવી છે પરંતુ સારી બાબત એ છે કે સંક્રમિતોનો આંક ૪૦ હજારથી નીચે રહ્યો છે અને મૃત્યુઆંક પણ ૫૦૦થી નીચે નોંધાયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૩૭,૯૭૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૮૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૧,૭૭,૮૪૧ થઈ ગઈ છે. નોંધનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૮૬ લાખ ૪ હજાર ૯૫૫ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલમાં ૪,૩૮,૬૬૭ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૩૪,૨૧૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ મંગળવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૩ નવેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૩,૩૬,૮૨,૨૭૫ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, સોમવારના ૨૪ કલાકમાં ૧૦,૯૯,૫૪૫ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

## પોલીસ બેડામાં કોરોનાનો કેર: DCP, PI, PSI સહિતના જવાનો પોઝિટિવ

અમદાવાદ,

અમદાવાદના પોલીસ બેડામાં કોરોનાનો ધમધમાટ જોવા મળ્યો છે. છેલ્લા બે દિવસમાં ૪૧ જેટલા પોલીસ કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થયા છે. બે દિવસ પહેલા ૩૮ પોલીસ કર્મચારીઓ સંક્રમિત હતા. તેમા ડીસીપી, પીઆઈ, પીએસઆઈ સહિતના જવાનો સહિતના સ્ટાફનો સમાવેશ થાય છે.

ફક્ત એટલું જ નહીં અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચમાં પણ સાત પોલીસ કર્મચારીઓ કોરોના પોઝિટિવ થયા છે. ક્રાઈમ બ્રાન્ચના સાત અધિકારીઓ પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. આમ કોરોનાએ અમદાવાદના પોલીસ બેડામાં પગપેસારો કર્યો છે.

આ બધા પોલીસ કર્મચારીઓ અને તેના કુટુંબીઓ હાલમાં હોમ ક્વોરેન્ટાઈન થયા છે. આ બધાની હાલત સ્થિર છે. કોઈની પણ પરિસ્થિતિ નાજુક નથી. પણ તેઓ કોરોના સામે તકેદારી દાખવી રહ્યા છે.

રાજયમાં તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા સંભાળવા જતા વધુને વધુ પોલીસ કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. તહેવારો દરમિયાન વધુને વધુ લોકો બહાર નીકળતા અને સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક પહેરવાનું પાલન ન કરતાં રાજ્યમાં કોરોનાનો વ્યાપ વધ્યો છે. લોકોની મોટાપાયા પરની ભીડે છેવટે કોરોના વિસ્ફોટને આમંત્રણ આપ્યુ છે અને તેનાથી પોલીસ વિભાગ પણ બાકાત રહ્યો નથી.

નૂતન વર્ષાભિનંદન

**વણાંકપુર ગ્રામ પંચાયત**

: સરપંચ :
ભીલ લક્ષ્મીબેન સોબનભાઈ

: ડે. સરપંચશ્રી :

: તલાટી/મંત્રી :
ટી. આર. સોલંકી

તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

મુ. વણાંકપુર, તા. ગોધરા

નૂતન વર્ષાભિનંદન

**થાણાગર્જન ગ્રામ પંચાયત**

: સરપંચ :
પટેલ નંદુભાઈ જેસુભાઈ

: ડે. સરપંચશ્રી :

: તલાટી/મંત્રી :
એચ. પી. નિરૂલા

તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

મુ.થાણાગર્જન, તા.ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૨૧ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૯ પુરૂષો, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૪-૧૧-૨૦૨૦ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધીમાં ૧૫૭૧ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાપમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષો, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાપમાં અત્યાર સુધીમાં કુલ ૧૩૫૫ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૮૪૫૪૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૦ દર્દી ડીસ્ટ્રીજકટ હોસ્પિઘટલ, લુણાવાડા, ૧૩૭ દર્દી હોમ આઇસોલેશન, ૦૭ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૬૧ દર્દીઓ સ્ટેબલ, ૧૧ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## મોટા ખાનપુર ગામના વ્યાપારીઓ બે દિવસ સ્વૈચ્છિક દુકાનો બંધ રાખી કોરોના ફેલાતો અટકાવવા જન આંદોલનમાં સહભાગી બન્યા



લુણાવાડા,
ગુજરાતમાં પણ કોરોના કેસોમાં સતત વધારો જોવા મળ્યો છે. તહેવારો બાદ લોકોમાં મોટાપાયે સંક્રમણ ફેલાઈ રહ્યું છે ત્યારે મહીસાગર જીલ્લામાં પણ કોરોના કેસોમાં વધારો જોવા મળ્યો છે. છેલ્લા એક અઠવાડિયામાં જીલ્લામાં ૧૫૦ થી વધુ કેસ જોવા મળ્યા છે ત્યારે ખાનપુર તાલુકાનાં મોટા ખાનપુર ગામના વ્યાપારીઓએ સ્વૈચ્છિક દુકાનો બંધ કરી બે દિવસ જાતે જ સજ્જડ બંધ રાખ્યુ છે ગામના અગ્રણીઓ અને સરપંચ, વેપારી મંડળ સાથે મળી કોરોના વાયરસનું સંક્રમણ વધુ ફેલાય નહી માટે વેપારી મંડળ તરફથી કોરોનાની આ મહામારીમાં બે દિવસ સ્વૈચ્છીક તમામ નાની મોટી દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મોટા ખાનપુર ગામની તમામ દુકાનો સજજડ બંધ રાખવામાં આવી છે. ગામમાં ૨૫૦ થી ૩૦૦ દુકાનો આવેલી છે અને તમામે તમામ વ્યપારીઓએ નાનામાં નાના ગલ્લા વાળાઓ એ પણ પોતાનો સહયોગ આપી કોરોના ને ફેલાતો અટકાવવા જન આંદોલન કરી સૌ એ સહયારી જવાબદારી નિભાવવાનો સંદેશ પાઠવયો છે.

કોરોના સંક્રમણને અટકાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર વતી જિલ્લાવ કલેકટર આર.બી. બારડે મહીસાગરવાસીઓને અપીલ કરતાં જ્યાં સુધી કોરોનાની વેકસીન નથી. આવી ત્યાં સુધી તેના મજબૂત શસ્ત્ર તરીકે ફરજિયાત માસ્ક પહેરીએ અને જે નથી પહેરતા તેમને સમજાવી માસ્કલ પહેરતાં થાય તેમ કરીએ ખાસ જરૂરીયાત વગર ઘરની બહાર ન નિકળીએ, આ ઉપરાંત વારંવાર સાબુ/ સેનેટાઈઝરથી હાથ ધોતા રહીએ અને જરૂરી સોશિયલ ડિસ્ટજન્સીંરગનું પાલન કરવા અનુરોધ કર્યો છે.

(પાન નં.૧ નું ચાલુ)

## પરિસ્થિતિ નિયંત્રણમાં નહીં...

કોરોનાના દર્દીઓ માટે સંજીવની કોરોના ઘર સેવા - હોમ આઈસોલેશનની વ્યવસ્થા કરવામાં આવી છે.

લગભગ ૭૦૦ સંજીવની રથના માધ્યમથી દૈનિક ત્રણ હજાર કોલ્સ ઉપર સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. જેમાં ડૉક્ટર અને પેરામેડિકલ સ્ટાફ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની દૈનિક દેખભાળ કરીને તેમનો ઘરે બેઠા સારવાર આપે છે જ્યારે કોરોના સંક્રમિત ગંભીર દર્દીઓને હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવે છે. અમદાવાદ શહેરમાં ૧૨૫થી વધારે કિયોસ્ક અને ૭૪ અર્બન હેલ્થ સેન્ટરમાં સતત કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત હાઈવે, રેલ્વે સ્ટેશન, કોમર્શિયલ બિલ્ડીંગો જેવા સ્થળોએ પણ કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. જેમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૧ લાખ ટેસ્ટ વિવિધ સ્થળોએ કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠક પછી ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ કોરોનાની રસી વહેલા આવશે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં કોરોનાની રસી સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. રાજયમાં આવનારી રસી ચાર જુદા-જુદા તબકક્કામાં આપવામાં આવશે. પહેલા તબક્કામાં કોરોનાની રસી ડોક્ટર અને મેડિકલ સ્ટાફને રસી આપવામાં આવશે. બીજા તબક્કામાં પોલીસ અને સફાઈ કર્મચારીઓને રસી આપવામાં આવશે. ત્રીજા તબક્કામાં ૫૦થી વધુ વયના લોકોને રસી આપવામાં આવશે. ચોથા તબક્કામાં ૫૦થી ઓછી વયના લોકોને રસી આપવામાં આપવામાં આવશે.

## ૮ મહિનાથી ઈવેન્ટ મેનેજમેન્ટ......

અને સાથે જ સંકળાયેલા ૭ લાખથી વધુ લોકોની પરિસ્થિતિ પણ કફોડી બની છે. આ વિશે સુરતના વિકાસ જુનેજાએ જણાવ્યુ કે, એક અંદાજ પ્રમાણે ઈવેન્ટસ, કેટરિંગ, મંડપ, લાઈટિંગ મળીને ૧૨૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે. કુલ મળીને આશરે ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલા બુકિંગ હતા અને છેલ્લા ૭ મહિનાની મોકૂફ ઈવેન્ટ અમને આ દોઢ મહિનામાં કરી શકવાની આશા હતી. પરંતુ આ રાત્રિ કરફ્યુને કારણે તે શક્ય બનશે નહિ. અમને મોટું નુકસાન થશે. કારણ કે છેલ્લા આઠ મહિનાથી વેપાર થયો નથી. ઘણા લોકો એવા છે જે લોકોએ લોન લીધી હતી. હવે આ લોન કઈ રીતે ચૂકતે કરી શકાશે તે ચિંતા તેઓને ઘર કરી ગઈ છે.

## અમદાવાદમાં વધી રહેલા કોરોના કેસને પગલે વડોદરામાં ૧૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરાઈ

અમદાવાદ,
અમદાવાદમાં વધી રહેલા કોરોના કેસ મામલે વડોદરામાં ૧૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરાઈ છે. અમદાવાદના કોરોના પોઝિટિવ દર્દીઓને વડોદરા લાવી સારવાર અપાશે. આજવા ગામમાં આવેલી પાયોનિયર ગ્રૂપની ન્યૂ લાઈફ હોસ્પિટલમાં ૧૦૦ બેડની વ્યવસ્થા ઉભી કરાઈ છે. હોસ્પિટલમાં પથારી, તબીબો, નર્સિંગ સહિત સ્ટાફ તૈયાર કરાઈ છે. હોસ્પિટલમાં ઓક્સિજન લાઈન અને વેન્ટિલેટરની પણ વ્યવસ્થા ઉભી કરાઈ છે. શહેરના ૪૨ તબીબોને અમદાવાદ સિવિલ હોસ્પિટલ મોકલાતા વડોદરામાં સ્થિતિ બગડી શકે છે. અમદાવાદ શહેરમાં કોરોનાનો વિસ્ફોટ થયો હોય એમ કેસોની સંખ્યામાં મોટો વધારો થઈ રહ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં નવા દર્દીઓ માટે બેડ ખુટી પડ્યા હોવાની ચર્ચાઓ થઈ રહી છે. અમદાવાદ શહેરમાં કોરોનાના નવા દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં બેડ ખાલી નહીં હોવાથી હવે આણંદ, કરમસદ કે ગાંધીનગરની હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવી રહ્યાં છે. ત્યારે હવે અમદાવાદના કોરોના દર્દીઓ છેક વડોદરા સુધી લંબાશે.

### આજથી કેવડિયા ખાતે સ્પીકર કોન્ફરન્સ યોજાશે, લોકસભા સ્પીકર હાજર રહેશે

# ૨૬ નવેમ્બરે દેશભરમાં બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવશેઃ ઓમ બિરલા



ગાંધીનગર,
દેશના ૭૧માં બંધારણ દિવસના પ્રસંગે ગુજરાતમાં નર્મદા નદીના કિનારે સરદાર પટેલ સ્ટેચ્યુ પર ૨૫-૨૬ નવેમ્બરને વિશેષ આયોજન કરવામાં આવશે. આ આયોજનમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ તેમજ રાજ્યસભાના સભાપતિ માનનીય વેંકૈયા નાયડુ, ગુજરાતના રાજ્યપાલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી વગેરે હસ્તીઓ ભાગ લેશે. આ વિશે લોકસભા સ્પીકર ઓમ બિરલાએ આજે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં માહિતી આપી. ઓમ બિરલાએ કહ્યુ કે, '૨૬ નવેમ્બરે દેશભરમાં બંધારણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. વર્ષ ૧૯૪૯માં આ દિવસે ભારતના બંધારણને અંગીકૃત કરવામાં આવ્યુ હતુ. આ વર્ષે આપણા દેશમાં બંધારણને અંગીકૃત કરાયાનુ ૭૧મુ વર્ષ મનાવવામાં આવી રહ્યુ છે.'

લોકસભા સ્પીકરે કહ્યુ કે કાલે એટલે કે ૨૫ તારીખે નર્મદા નદીના તટે સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી વિશાળ મૂર્તિ સમક્ષ રાષ્ટ્રપતિની આગેવાનીમાં સંમેલન શરૂ થશે. આ આપણુ ૮૦મુ સંમેલન છે પરંતુ આ શતાબ્દી સમારંભ તરીકે મનાવશે. બિરલાએ આગળ જણાવ્યુ કે, 'આપણે બધા ૭૧માં બંધારણ દિવસ માટે યોજાનાર સમારંભના સમાપન પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બંધારણની પ્રસ્તાવનાનો સંકલ્પ લેશે.' તેમણે કહ્યુ કે આ સમારંભ બે દિવસીય છે કે જે ૨૫-૨૬ નવેમ્બરના રોજ રાખવામાં આવ્યો છે. ૨૬ નવેમ્બરે તેનો છેલ્લો દિવસ રહેશે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે, પક્ષ પલટો રોકવા માટે મજબૂત કાયદો બનાવવો જરૂરી છે. દલ બદલ કાયદો એવો બને જેથી લોકતંત્રની વ્યવસ્થા જળવાઈ રહે અને આ મુદ્દે યોગ્ય કાયદા વિશે વિચારણા થઈ છે.

આ સાથે જ તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સી.પી. જોષીની અધ્યક્ષતામાં દલ બદલ કાયદો બનાવવા માટે સમિતિની રચના કરવામાં આવી છે. આ કમિટી સરકાર સમક્ષ કાયદો બનાવવા સૂચનો આપશે અને લોકતંત્ર પર લોકોની આસ્થા જળવાઇ રહે તે માટે કામ કરીશે.

આ કાર્યક્રમમાં મુખ્ય આકર્ષણ એ પણ હશે કે કાર્યક્રમના સમાપનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમાપન સ્પીચ વર્ચ્યુઅલી કરશે. આમ એક સાથે બધા વડા ભેગા થાય એ પ્રથમ અને ઐતિહાસિક ઘટના બની રહેશે. અન્ય આકર્ષણની વાત એ છે કે, આ કાર્યક્રમમાં સરદાર પ્રતિમાના સાનિધ્યમાં બંધારણના આમુખની સાક્ષી હેઠળ રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ કાર્યક્રમ થશે.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મલેકપુરના ઉપક્રમે હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર ખાતે રકતદાન કેમ્પ યોજાયો


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્યક તંત્ર દ્વારા જિલ્લારમાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં મલેકપુર પ્રાથમિક આરોગ્યર કેન્દ્રરના હેલ્થ એન્ડય વેલનેસ કેન્દ્ર ખાતે ડો. અલ્પેશ ચૌધરી, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર વર્ષાબેન માલીવાડ તથા તેમની આરોગ્યહ ટીમ અને ડો. ચૌહાણ, રેડક્રોસ સોસાયટી ગોધરાના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાઇ ગયો.

મલેકપુર ખાતે યોજાયેલ રકતદાન કેમ્પીમાં ૨૬ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન- મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં ૨૬ બ્લડ યુનીટનું કલેકશન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઇ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂં આયોજન કર્યું હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યાત હતા. આ રકતદાન કેમ્પર દરમિયાન રકતદાતાઓને માસ્કલ પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વછજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પધ્ધતિઓ અપનાવવા અને યોગ- વ્યાનયામ ઇત્યાનદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

# બાલાસિનોર લાયન્સ કલબ દ્વારા ગરીબો માટે કીટનું વિતરણ




લુણાવાડા,
તહેવારોનો ખરો આનંદ આપણા ઘરની સાથે સાથે જરૂરિયાતમંદ પરીવારોને પણ તેમના ચહેરા પર ખુશી લાવીને ઉત્સવની સાચી ઉજવણી કરી શકાય છે. તેવો સાર્થક પ્રયાસ સેવાભાવી વ્યકતિઓ અને સંસ્થાઓ દ્વારા કરી માનવતાની મહેક પ્રસરાવે છે.

બાલાસિનોર નગરના અંદાજે ૫૦ જેટલા જરૂરિયાતમંદ પરીવારોને લાયન્સ કલબ દ્વારા રેશન- અનાજની કીટ, મીઠાઈ, ફરસાણ તેમજ તહેવારના દિવસે તેઓને ભોજન આપી તેઓના ચહેરાઓને ઉમંગભર્યો કરવાનો સાર્થક પ્રયત્ન કર્યો છે.

લાયન્સ કલબથી આપેલ કિટમાં ૨ કિલો ઘઉંનો લોટ, ૨ કિલો ચોખા,૧ કિલો તુવેરદાળ,૧ કિલો ખાંડ,૧ ગોળ,૧ કિલો મીઠું, ૧ કિલો મીઠાઈ, ૫૦૦ ગ્રામ ફરસાણ ૧ લીટર તેલ, તેમજ ૧૦૦ ગ્રામ હળદર,૧૦૦ગ્રામ મરચું અને૧૦૦ ગ્રામ ચાહ, નાહવાના સાબુ સહિત કુલ ૧૩ વસ્તુ ૧૧ કિલો ઉપરાંતની ૫૦ કીટનું વિતરણ કરવામાં આવતા જરૂરિયાતમંદો પરીવારોના ઘરમાં તહેવારોના ઉત્સવનો આનંદ ફેલાયો છે આ ઉપરાંત બાલાસિનોર મા સલિયવડી દરવાજા બહાર રામ રોટી મંડળના સહયોગથી તહેવારના દિવસે ૧૦૩ વ્યક્તિઓને ભોજન પણ આપવામાં આવ્યું હતું.

લાયન્સ કલબ પ્રમુખ પ્રવીણભાઈ સેવક અને મનહરભાઈ ઠાકર, વસંતભાઈ ઉપાદયાયની ઉપસ્થિતિમાં લાયન્સ સભ્યોએ તથા દાતાઓના સહયોગથી તહેવારોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ- રેશનની કીટ બનાવી મીઠાઈ ફરસાણ સાથે કિટનું વિતરણ કર્યું હતું.

## સુરતમાં હવે ગાડી ચલાવતા માસ્ક નહિ પહેરતા ઘરે આવશે ઈ-મેમો



સુરત,
સુરત શહેર સહિત સમગ્ર રાજ્યમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે અને હાલ જ્યાં સુધી વેક્સીન નહી આવે ત્યાં સુધી માસ્ક જ કોરોના સામે રક્ષણ મેળવવા માટે એક માત્ર આધાર રૂપ છે પરંતુ શહેરમાં ઘણા લોકો એવા છે કે જે માસ્ક પહેરવા મામલે બેદરકારી દાખવી રહ્યા છે. જેની સામે પોલીસ અને પાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના આંકડા સાંભળીને તમે પણ ચોંકી ઉઠશો ૬ મહિનામાં માસ્ક નહિ પહેરનારા ૧૮.૬૦ લાખ લોકો પાસેથી અધધ ૭ કરોડનો દંડ વસૂલાયો છે.

પરંતુ હવે જો તમે માસ્ક પહેર્યા વગર ગાડી ચલાવશો તે એક હજાર રૂપિયાનો ઈ- મેમો ઘરે પહોંચી જશે. પોલીસ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારમાં લગાવવામાં આવેલા કેમેરામાં ફોટા પાડીને ઈ મેમો ઘરે મોકલી કડક કાર્યવાહી કરવામાં આવશે. સુરતમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે જેને લઈને આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવી ગયું છે અને શહેરીજનો ને અલગ-અલગ તરકીબો અપનાવી માસ્ક પહેરવું સોશિયલ ડીસ્ટન્સ જાળવવું તેમજ કોરોનાની તમામ ગાઈડ લાઈનનું પાલન કરવા માટે અપીલ કરાઈ રહી છે.

પરંતુ શહેરમાં કેટલાક લોકો એવા પણ છે કે જે આ પ્રત્યે બેદરકારી દાખવી રહ્યા છે જેનો ભોગ સમગ્ર શહેરીજનો બની રહ્યા છે અને શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. શહેરમાં માસ્ક નહીં કરનારા લોકો સામે પોલીસ અને પાલિકા દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે તમને જાણીને નવાઈ લાગશે કે સુરતીલાલાઓએ ૬ મહિનામાં ૭ કરોડનો દંડ ભર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૫-૧૧-૨૦૨૦, બુધવાર, નિજ કારતક સુદ-૧૧, સૂર્યોદય-૭-૦૬, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૪, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ ઉત્તરભાદ્રાપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૦૭થી લાભ-અમૃત-૯-૫૧ સુધી, ૧૧-૧૨થી શુભ-૧૨-૩૪ સુધી, ૧૫-૧૭થી ચલ-લાભ-૧૮-૦૧ સુધી, ૧૯-૩૯થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૪ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૦૭થી ૯-૫૬ સુધી,૯-૫૧ થી ૧૦-૪૫ સુધી,૧૨-૩૪ થી ૧૫-૧૭ સુધી,૧૬-૧૨થી ૧૭-૦૬ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૫.૧૧.૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

# ઝાયડસ હોસ્પીટલ ખાતેના કોવીડ-૧૯ના નોડલ ઓફીસર દાહોદને કોરોનામુક્ત કરવા સંકલ્પબદ્ધ થવાનો સંદેશ

દાહોદ,

કોવીડ-૧૯ માટેની ખાસ ઝાયડસ હોસ્પીટલના ફિઝિશન અને નોડલ ઓફીસર ડો. કમલેશ નિનામાએ કોરોનાથી મુક્ત થવા દાહોદવાસીઓને તમામ નિયમોનું દ્રઢતાથી પાલન કરવા સંકલ્પબદ્ધ થવા અપીલ કરી છે. સ્વાસ્થ જાળવણી માટે પ્રીવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર નું સૂત્ર યાદ કરાવી તેમણે કોરોના સામે પણ આ જ નીતિ અપનાવી સરકારે જાહેર કરેલા તમામ નિયમોનું સુપેરે પાલન કરવા જણાવ્યું છે.



દાહોદ જિલ્લામાં દિવાળીના તહેવારો બાદ કોરોના સંક્રમણમાં ઉછાળો આવ્યો છે ત્યારે આપણે કે આપણા પરિવારજનો કોરોનામાં ન સપડાય તે માટે કેટલીક બાબતોનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે. જેમાં એસએમએસના સૂત્રનું પોતે પણ પાલન કરવાનું છે અને ઘરના સભ્યોને પણ આ સૂત્રનું પાલન કરવા સમજ આપવાની છે. એસએમએસ એટલે સોશ્યિલ ડિસ્ટસીંગ, માસ્ક અને સેનેટાઈઝર કે સાબુનો વારંવાર ઉપયોગ કરવો. બે ગજની દૂરીનું સામાજિક અંતર જાળવવાનું છે. ખાસ કરીને ઘરની બહાર જાવ ત્યારે આ બધા નિયમોનું ખાસ પાલન કરવું જેથી કોરોનાનું સંક્રમણ ઘરમાં ન આવે. સાદા કાપડનું, થ્રી લેયર કે એન-૯૫ માસ્કનો ઉપયોગ કરી શકાય છે અને એ વાતની પણ ખાસ કાળજી રાખવી કે નાક અને મ્હોં યોગ્ય રીતે ઢંકાય એ રીતે જ માસ્ક પહેરવું જોઈએ.

બીજી મહત્વની વાત એ છે કે રોગપ્રતિકારક શક્તિ કોરોના સામે કવચ સમાન હોય તે જાળવી રાખવાના ઘરગથ્થું ઉપાયો કરવા જોઈએ. જેમ કે હળદરવાળું દૂધ પીવું, વિટામીન સી મળે તેવા ફળફળાદી, લીબું શરબત વગેરે લેવા જોઈએ. વાયરસથી બચવા સ્ટીમ-વરાળ પણ લઈ શકાય. પ્રાણાયામ-યોગા, હળવી કસરતો કરીને શરીરમાં રોગપ્રતિકારક શક્તિ જાળવી રાખવી જોઈએ.

કોરોના ૬૦ વર્ષની ઉપરના લોકો ખાસ કરીને જેમને અન્ય મોટી બિમારીઓ છે તેમને માટે ખૂબ ઘાતકી નિવડે છે. આવા વડીલો જેમને ડાયાબીટીસ, હૃદય રોગ, ફેફસાંની કે અન્ય બિમારી હોય તેમણે ખાસ સાવચેતી રાખવાની છે. દાહોદમાં કોરોનાના અંદાજે ૮૦ ટકા લોકોને ઓક્સીજનની જરૂર પડતી નથી. જયારે વીસ ટકા જેટલા દર્દીઓને ઓક્સીજનની જરૂર પડે છે. જેમાં પાંચ ટકા જેટલા દર્દીઓ કોરોનાની ગંભીર સ્થિતિનો સામનો કરે છે. માટે એ જરૂરી છે કે આપણે એટલી કાળજી રાખીએ કે આપણને સંક્રમણ લાગે જ નહી અને આવી સ્થિતિનો સામનો જ ન કરવો પડે અને જો કોરોનાના કોઈ પણ લક્ષણ જણાય તો તુરત જ દાહોદની ઝાયડસ હોસ્પીટલમાંથી અથવા નજીકના સરકારી દવાખાનામાં પણ ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ હોય ત્યાંથી ટેસ્ટ કરાવી લેવો જોઈએ. યથાશીઘ્ર ટેસ્ટ કરાવવો જરૂરી છે જેથી સંક્રમણનું જોખમ ટાળી શકાય અને રોગના ગંભીર તબક્કા પહેલા જ ઈલાજ કરી શકાય.

આપણે સૌ દાહોદને કોરોનામુક્ત બનાવવા સંકલ્પ લઈએ કે, કોરોનાથી બચાવ માટેના સરકારે જાહેર કરેલા તમામ નિયમોનું ચુસ્ત અમલ કરીશું, કોરોના સંક્રમણથી હું પોતે પણ બચીશ અને અન્યને પણ ચેપ ન લાગે તેનો પૂરતો ખ્યાલ રાખીશ. કોરોનાથી હું સુરક્ષિત રહીશ તો મારા પરિવારજનો સુરક્ષિત રહેશે અને એમ આખું ફળિયું-શેરી, ગામ-શહેર અને દાહોદ જિલ્લાને કોરોનાથી મુક્ત રાખીશ.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાંમાં આજે વધુ ૧૯ કોરોના પોઝીટીવ કેસો સાથે જિલ્લામાં કોરોના પોઝીટીવનો કુલ આંકડો ૨૦૮૯ ને આંબી ગયો છે જયારે એક્ટીવ કેસ ૧૭૬ પર પહોંચ્યો છે.

આર.ટી.પી.સી.આર. ના ૩૭૬ પૈકી ૧૬ અને રેપીટ ટેસ્ટના ૧૦૪૯ પૈકી ૦૩ એમ આજે તારીખ ૨૨મી નવેમ્બરના રોજ ૧૯ કોરોના પોઝીટીવ કેસો દાહોદ જિલ્લામાં સામે આવ્યા છે. આ ૧૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૬, ઝાલોદ અર્બનમાંથી ૨,ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૬, દેવગઢ બારીયા ગ્રામ્યમાંથી એક, લીમખેડામાંથી ૦૨ અને ધાનપુર માંથી એક કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૮ દર્દીઓએ કોરોના સામે જંગ જીતી હોસ્પિટલમાંથી રજા લીધી હતી અને અત્યાર સુધી કોરોનાથી કુલ મૃત્યુ આંક ૭૬ને પાર થઈ જવા પામ્યો છે.

# ભારતે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું લેન્ડ એટેક વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું

પોર્ટ બ્લેયર,

ભારતે પોતાની સૌથી ખતરનાક બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલના લેન્ડ એટેક વર્ઝનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. ૨૪ મી નવેમ્બર, એટલે કે આજે સવારે ૧૦ વાગ્યે અંદમાન અને નિકોબાર ટાપુના અજાણ્યા ટાપુ પરથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ટાપુઓના અન્ય રણના ટાપુને લક્ષ્યમાં રાખીને એક મિસાઈલ તોડી પાડવામાં આવી. આ મિસાઈલે આપેલા સમયમાં તેનો ટાર્ગેટને નેસ્તનાબૂત કર્યો હતો.



ભારતીય સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનને સોશિયલ મીડિયા લોકોએ પર અભિનંદન પાઠવ્યા હતા. લોકો આ સફળતા માટે ડીઆરડીઓના સંરક્ષણ વૈજ્ઞાનિકોની પ્રશંસા કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ચીન સાથેના કેટલાક છેલ્લા ૮-૯ મહિનાથી સીમા વિવાદ વચ્ચે સફળતાપૂર્વક અનેક મિસાઈલો, ટોર્પિડો, એન્ટી-મિસાઈલ સિસ્ટમ વગેરેનું પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું છે. આજે કરવામાં આવેલ પરીક્ષણનો હેતું મિસાઈલની રેન્જ વધારવાનો હતો. આ જમીનથી સપાટીની મિસાઈલની રેન્જ વધારીને ૪૦૦ કિ.મી. કરવામાં આવેલ.

બ્રહ્મોસ મિસાઈલ ૨૮ ફૂટ લાંબી છે. તેનું વજન ૩૦૦૦ કિલો છે. તે ૨૦૦ કિલોના પરંપરાગત અને પરમાણુ શસ્ત્રો લઈ શકે છે. તે ૩૦૦ કિ.મી.થી ૮૦૦ કિ.મી. સુધી બેઠેલા શત્રુ પર અચૂકપણે ગોળીબાર કરે છે. તેની ગતિ તેને સૌથી ઘાતક બનાવે છે. તે કલાકના ૪૩૦૦ કિ.મી.ની ઝડપે ત્રાટકશે. એટલે કે ૧.૨૦ કિલોમીટર પ્રતિ સેકંડ. તેના છૂટ્યા બાદ, દુશ્મનને હુમલો કરવાની તક મળતી નથી.

આપને જણાવી દઈએ કે તાજેતરમાં એક સમાચાર આવ્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે વિયેટનામ ભારતની સૌથી ખતરનાક મિસાઈલ ખરીદવા માંગે છે. અત્યાર સુધી, રશિયાની સંમતિ એક અવરોધ હતી, કારણ કે રશિયા અને ભારતે મળીને આ મિસાઈલ બનાવી છે. પરંતુ હવે રશિયાએ આ મિસાઈલ નિકાસ કરવાની મંજૂરી આપી દીધી છે. હવે ભારતની આ ભવ્ય મિસાઈલ વિયેટનામમાં તૈનાત કરી શકાશે. આ સાથે ચીનને દક્ષિણ ચીન સમુદ્રમાં સાવચેતી રાખવી પડશે.

ભારતની ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને ક્વિક રિએક્શન સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમનું સફળ પરિક્ષણ કર્યું હતું.

## રશિયન નેવીએ અમેરિકાના યુધ્ધ જહાજને પકડ્યા બાદ બંને દેશો વચ્ચે ફરી તનાવ



મોસ્કો,

દરિયાઈ મોરચે અમેરિકા અને રશિયા વચ્ચે ફરી એક વખત તનાવ સર્જાયો છે.જેના કારણે બંને દેશના શાસકોના શ્વાસ થોડા કલાકો માટે અધ્ધર થઈ ગયા હતા.

મળતી વિગતો પ્રમાણે રશિયાએ જાપાન સાગર પાસે અમેરિકાના એક યુધ્ધ જહાજને પકડીને આક્ષેપ કર્યો હતો કે, આ જહાજ રશિયાની દરિયાઈ સીમામાં ઘૂસી આવ્યુ છે.રશિયાના સંરક્ષણ મંત્રાલયે જાતે આ વાતને સમર્થન આપ્યુ હતુ.એ પછી તેને છોડી દેવામાં આવ્યુ હતુ.

રશિયન ડિફેન્સ મિનિસ્ટ્રીએ કહ્યુ હતુ કે, રશિયાન જહાજોએ અમેરિકન નેવીના ડિસ્ટ્રોયર કેટેગરીમાં આવતા યુધ્ધ જહાજને પકડ્યુ હતુ અને પછી તેને ચેતવણી આપવામાં આવતા તે રશિયન સીમામાંથી બહાર જતુ રહ્યુ હતુ.હાલમાં અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાની નૌ સેનાઓ હિન્દુ મહાસાગરમાં વોર એક્સરસાઈઝ કરી રહી છે ત્યારે જ આ ઘટના બની છે.

બીજી તરફ રશિયન અને અમેરિકન યુધ્ધ જહાજો પોતા પોતાના વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરતા રહેતા હોય છે અને આ ઘટના બની ત્યારે અમેરિકન યુધ્ધ જહાજ પેટ્રોલિંગ કરી રહ્યુ હતુ.જોકે રશિયાએ ચેતવણી આપ્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી નહીં કરતા આખરે બંને દેશો વચ્ચેના તનાવમાં ઘટાડો થયો હતો.

# સુખસરમાં મામલતદાર પોલીસની ટીમ દ્વારા માસ્ક પહેરયા વગર વેપાર કરતા વેપારીઓને દંડ ફટકાર્યો

સુખસર,

ફતેપુરા તાલુકાના સુખસરમાં મંગળવારના રોજ મામલતદારની ટીમ દ્વારા પોલીસને સાથે રાખી કોરોના સંક્રમણ બાબતે મુલાકાત લેવાઈ હતી. જેમાં માસ વગર ના વેપારીઓને દંડ ફટકારાયો હતો. જયારે પ્રજા માસ્ક પહેર્યા વગર જ ફરતી જોવા મળતાં આશ્ચર્ય સર્જાયું હતું.

ફતેપુરા તાલુકામાં કોરોના ના કેસો વધી રહ્યા છે. જેમાં કોરોના સંક્રમણ અટકાવવા બાબતે મામલતદાર પી એન પરમાર દ્વારા કલેક્ટરના આદેશ મુજબ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં મંગળવારના રોજ મામલતદારની ટીમ દ્વારા સુખસર પોલીસ તેમજ ગ્રામ પંચાયતના સરપંચ નરેશભાઈ કટારાને સાથે રાખી બજાર વિસ્તારની મુલાકાત લેવાઈ હતી. જેમાં વગર વેપાર કરતા દુકાનદારો પાસે દંડ વસુલ કરવામાં આવ્યો હતો. જ્યારે મોટા ભાગની પ્રજામાં કોરોનાનો કોઈ ડર ના હોય તેવી રીતે માસ્ક પહેર્યા વગર જ ફરતી હોવાનું નજરે જોવા મળ્યું હતું. મામલતદારની ટીમ આવી હોવાની વાત વાયુવેગે પ્રસરતા વેપારીઓ સચેત થઈ ગયા હતા. આખા ગામની તપાસ દરમિયાન માત્ર છ દુકાનદારો સામે દંડ કરી કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

## દાહોદ સ્ટેશન રોડ ઉપર ફોર વ્હીલ ચાલકે બાઈક સહિત ત્રણ વ્યકિતને અડફેટમાં લીધા : ત્રણ થી ચાર લોકો ઈજાગ્રસ્ત

દાહોદ,

દાહોદ શહેરમાં ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા સ્ટેશન રોડ પર આવેલ એક ફરસાણની દુકાનની આગળ આવેલા મોબાઈલની દુકાન આગળ એક ફોર વીલર ગાડીના ચાલકે એક મોટરસાયકલ સહિત ત્રણ લોકોને અડફેટે લેતા ત્રણથી ચાર લોકો ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરના સતત ટ્રાફિકથી ધમધમતા સ્ટેશનરોડ વિસ્તારમાં આવેલ રતલામી સેવ ભંડારની પાછળ મહાદેવ મંદિરની પાસેના રહેવાસી આરીફભાઈ યુસુફભાઈ શેખ તેમજ અન્ય ત્રણથી ચાર લોકો ગઈકાલે રાતના ૯ વાગ્યાંના સુમારે રતલામી સેવ ભંડારની પાસે આવેલ મહેક મોબાઈલની આગળ મોટરસાયકલ પર બેસેલા હતા. તે સમયે સીંગવડ તાલુકાના અનોપપુરા ગામના નિશાળ ફળિયાના રહેવાસી શૈલેષભાઈ ભાવસિંગભાઈ હઠીલા પોતાના કબજા હેઠળની જીજે. ૦૯.એ.જે. ૩૧૭૪ નંબરની હ્યુન્ડાઈ સેન્ટ્રો ફોરવીલ ગાડીને બેફિકરાઈ તેમજ ઝડપે હંકારી લાવી બાઈક પર બેસેલા આરીફ શેખ સહિત અન્ય ત્રણથી ચાર લોકોને અડફેટે લેતા આરીફ ભાઈના ડાબા પગ ફેક્ચર થઈ જવા પામ્યું હતું.તેમજ અને ત્રણથી ચાર લોકોને ઓછી વત્તી ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ સંબંધે સ્ટેશન રોડ મહાદેવ મંદિરની પાછળના રહેવાસી આરીફભાઈ યુસુફભાઈ શેખે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા દાહોદ શહેર પોલીસે ફોરવહીલ ગાડીને જપ્ત કરી ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદમાં આગામી તા. ૨૬ નવેમ્બરે જીલ્લાકક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો યોજાશે

દાહોદ,

દાહોદની જીલ્લા રોજગાર વિનિમય કચેરીએ આગામી તા. ૨૬ નવેમ્બરે યુવાનો માટે ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર રાજયવ્યાપી જીલ્લાકક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો, એપ્રન્ટિસશીપ મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કર્યું છે. આ શિબિર બપોરે ૧૨ થી ૧ કલાક દરમિયાન યોજાશે. જેમાં યુવાનોને ઓનલાઈન સ્વરોજગાર યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત ખાનગી ક્ષેત્રમાં રોજગારી, એપ્રેન્ટીસશીપ માટે ધો.૧૦-૧૨પાસ, આઈ.ટી.આઇ કે ડિપ્લોમા-ઈલેક્ટ્રીક, મિકેનિકલ, આટોમોબાઈલ, ગ્રેજયુએટ, બી.એસ.સી. નર્સિંગ, જી.એન.એમ અનુભવી, બિનઅનુભવી યોગ્યતા ધરાવતા ઉમેદવારોને તક અપાશે.

આ ભરતીમેળામાં દાહોદ જીલ્લાના, હાલોલ, અમદાવાદ, વડોદરા, આણંદ જીલ્લાના નોકરીદાતા દ્વારા જુનિયર સેલ્સ ટેલીકોલર, કસ્ટમર કેર એકઝીક્યુટીવ, નર્સ, લાઈન ઓપરેટર/અસેમ્બલી ઓપરેટર વગેરે જગ્યાઓ માટે ઉપરોકત અભ્યાસ ધરાવતા મહિલા તથા પુરૂષ ૧૮ થી ૩૫ વર્ષ વયમર્યાદા ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉકત રાજ્યવ્યાપી જિલ્લા કક્ષાનાના ગુગલમીટ એપ માધ્યમથી ઓનલાઈન રોજગાર ભરતી મેળામાં મોટી સંખ્યામાં લાભ દાહોદના રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણે જણાવ્યું છે. ભરતીમેળામાં ભાગ લેવા ગૂગલમીટ એપ ડાઉનલોડ કરી https://meet.google.com/wzy-quom-mrm લીંક પર પાસવર્ડ wzy-quom-mrm નો ઉપયોગ કરીને જોડાવાનું રહેશે.

## સીંગવડના સાકરીયા ગામની સગીરાની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતા યુવક વિરૂદ્ધ ફરિયાદ

સીંગવડ,

સીંગવડ તાલુકાના સાકરીયા ગામે એક ૧૫ વર્ષીય સગીરાને એક યુવકે સગીરાની મરજી વિરૂદધ અવાર નવાર બળાત્કાર ગુજારતાં આ સંબંધે સગીરાએ રણધીકપુર પોલીસ મથકે યુવક વિરૂદધ ફરિયાદ નોંધાવતાં પોલીસે યુવકના ધરપકડાના ચક્રોગતિમાન કર્યા છે.

સીંગવડ તાલુકાના સાકરીયા ગામે રહેતો સંદીપભાઈ રમણભાઈ ઝાલૈયાએ સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને તારીખ ૮મી નવેમ્બર થી તારીખ ૨૨મી નવેમ્બરના સમયગાળા દરમ્યાન સગીરાની મરજી વિરૂદધ તેણીની સાથે બળજબરીપુર્વક બળાત્કાર ગુજારી તેમજ શારિરીક છેડછાડ કરી હેરાન પરેશાન કરતાં આ અંગેની જાણ સગીરાએ પોતાના પરિવારને કરતાં પરિવારજનો એક ક્ષણે સ્તબ્ધ થઈ ગયા હતા અને સગીરાને લઈ રણધીકપુર પોલીસ મથકે પહોંચી ઉપરોક્ત યુવક વિરૂદધ સગીરાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆના પીપલોદ ગામે ખેતરમાં ઢોરો ચરાવવા મામલે ધિંગાણું : ત્રણ વ્યકિતને ઈજાઓ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે ખેતરમાં ઢોરો ચરાવવાના મામલે ચાર જેટલા ઈસમોએ બે મહિલા સહિત ત્રણ જણાને લાકડી વડે ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યા બાદ જાતિ અપમાનિત શબ્દો બોલી મારી નાંખવાની ધમકી આપી નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

પીપલોદ ગામે માલગુણ ફળિયામાં રહેતી ૩૮ વર્ષીય રમીલાબેન લાલાભાઈ વણકર ગત તા.૨૩મી નવેમ્બરના રોજ ગામમાં જ આવેલ તેમના ખેતરમાં પશુઓ ચરાવતાં હતા. આ દરમ્યાન પીપલોદ ગામે રહેતા મહેશભાઈ સરતનભાઈ ડાયરા, મહેશભાઈ નવલાભાઈ ડાયરા તથા તેમની સાથે બીજા બે મળી ચાર જણા રમીલાબેન પાસે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી જાતિ અપમાનિત શબ્દો બોલી કહેવા લાગેલ કે, તું અમારા ખેતરમાં કેમ ભેંસ ચરાવે છે, તેમ કહી રમીલાબેનનો હાથ પકડી, ખેંચતાણ કરતાં હતા અને માર પણ મારતાં હતા. આ દરમ્યાન રમીલાબેનને છોડવવા વચ્ચે પડેલ કાન્તાબેન અને લાલાભાઈને પણ લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રમીલાબેન લાલાભાઈ વણકરે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઝાલોદના સાંપાઈ ગામે ડમ્પર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર પૈકી એકનું મોત

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના સાંપાઈ ગામે એક અશોક લેલન (ડમ્પર)ના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મોટરસાઈકલ પર સવાર બે જણાને અડફેટમાં લેતાં એકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓને પગલે મોત નીપજ્યું હતું. જ્યારે બીજા એકને શરીરે ઈજાઓ થતાં સારવાર હેઠળ દવાખાને ખસેડાયાનું જાણવા મળે છે.

અરવલ્લી જિલ્લામાં ધનસુરા તાલુકામાં રહેતા સુધીરભાઈ શંકરભાઈ ખાંટ (ઉ.વ.૨૫) અને ક્રિપાલભાઈ અમરતભાઈ ભેગોરા આ બંન્ને જણા ગત તા.૨૨મી નવેમ્બરના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ઝાલોદ તાલુકાના સાંપોઈ ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન એક અશોક લેલન (ડમ્પર)ના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સુધીરભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં સુધીરભાઈ અને તેમની સાથેના ક્રિપાલભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયા હતા અને જેને પગલે સુધીરભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે ક્રિપાલભાઈને શરીરે ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આ સંબંધે અરવલ્લી જિલ્લામાં ધનસુરા તાલુકામાં રહેતા ગુમાનસિંહ બબાભાઈ ખાંટ દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અમેરિકા ચૂંટણીઃ બિડેનને સત્તા સોપવા માટે તૈયાર થયા ડોનાલ્ડ ટ્રમ્પ

ન્યૂયોર્ક,

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ છેવટે વ્હાઈટ હાઉસ છોડવાનો સંકેત આપ્યો છે. સોમવારના રોજ આગળના રાષ્ટ્રપતિ જો બાઈડેનના પ્રશાસન માટે રસ્તો બનાવનાર સરકારી એજન્સીએ કહ્યું કે તેઓ આખરે સત્તા સ્થાનાંતરણમાં લાદવામાં આવેલા પ્રતિબંધને દૂર કરી રહ્યા છે. ત્યારબાદ ટ્રમ્પે પણ સંકેત આપ્યા કે હવે જનરલ સર્વિસીસ એડમિનિસ્ટ્રેશને ‘એ કરવું જોઈએ જે કરવાની જરૂર છે.’

જો કે આ જ ટ્વિટમાં તેમણે ફરી એકવાર કહ્યું કે તેઓ હાર માનવાનો ઈંકાર કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ‘અમારો કેસ મજબૂતીથી ચાલી રહ્યો છે. અમે લડત ચાલુ રાખીશું અને મને ખાતરી છે કે અમે જીતીશું.

જો કે રિપબ્લિકન પ્રશાસનના જીએસએને આગળની કાર્યવાહી કરવા અને બાઈડેન પ્રશાસનની સાથે કામ કરવાની મંજૂરી આપતા સ્પષ્ટ છે કે ટ્રમ્પને પણ આખરે અંત નજીક દેખાઈ રહ્યો છે. જો કે છેલ્લાં ત્રણ



સપ્તાહથી તેઓ કોઈપણ પુરાવા વગર વારંવાર દાવો કરી રહ્યા છે કે તેમની પાસેથી આ ચૂંટણી ‘ચોરવામાં આવી છે’.

હવે આનો અર્થ એ થયો કે બાઈડેનની ટીમને ફંડ, ઓફિસ સ્પેસ અને ફેડરલ અધિકારીઓને મળવાનો અધિકાર મળી જશે. બાઈડેનની ઓફિસ, જેને કલાકો અગાઉ જ જાહેરાત કરી હતી કે અમેરિકન વિદેશી નીતિઓ અને સુરક્ષા પદો માટે ખૂબ જ અનુભવી લોકોના એક ગ્રૂપની નિમણૂક થશે, જણાવ્યું હતું કે ‘જીએસએ હવે સત્તાના સરળ અને શાંતિપૂર્ણ સ્થાળાંતરણમાં જરૂરી મદદની મંજૂરી આપશે. ‘

બાઈડેનના ટ્રાન્ઝિશન ડિરેક્ટર યોહાનેસ અબ્રાહમ એ એક નિવેદન બહાર પાડતાં કહ્યું છે કે, ‘આગામી દિવસોમાં ટ્રાન્ઝિશન અધિકારી ફેડરલ અધિકારીઓને મળવાનું શરૂ કરીશું જેથી કરીને મહામારીને લઈ થઈ રહેલા કામ, રાષ્ટ્રીય સુરક્ષા હિતો પર સંપૂર્ણ વિગતો અને સરકારી એજન્સીઓને ખોખલા કરવાની ટ્રમ્પ પ્રશાસનની કોશિષોને સંપૂર્ણ રીતે સમજી શકાય છે.

ટ્રમ્પની તરફથી આ સંકેત મિશિગનની તરફથી પોતાના ચૂંટણી પરિણામોની ફરીથી પુષ્ટિ કર્યા બાદ આવ્યા છે. બીજી બાજુ વધુ શકિતશાળી ટ્રમ્પના સમર્થકોએ માંગણી કરી છે કે ટ્રમ્પ આ ગતિરોધને સમાપ્ત કરે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 79

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પંચમહાલ સહિત ગોધરામાં કોરોના સંક્રમિત કેસ વધ્યા

# સોશ્યલ ડિસ્ટન્સ ના જાળવતા ચા-નાસ્તાની લારીઓ પોલીસે બંધ કરાવી



ગોધરા, પંચમહાલ જીલ્લામાં દિવાળીના તહેવારમાં કોરોના સંક્રમણના કેસમાં નોંધાપાત્ર વધારો થયો છે. તહેવારના સમયમાં બજારમાં ઉભરાતી ભીડ તેમાં પણ સોશ્યલ ડિસ્ટન્સના અભાવે કોરોના સંક્રમિત દર્દીઓ વધ્યા છે. જેને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું છે. ગોધરા શહેરમાં ચબુતરા તળાવ વિસ્તારમાં તેમજ બગીચા રોડ ઉપર ઉભી રહેતી ચા-નાસ્તાની લારીઓ ઉપર સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી. જેને ધ્યાનમાં લઈ પોલીસ તંત્ર દ્વારા આવી ચા-નાસ્તાની લારીઓ બંધ કરવામાં આવી છે. કોરોના સંક્રમણના કેસ વધતા ચ્હાની લારીઓ તેમજ ચાઈનીઝ તેમજ નાસ્તાની લારીઓ બંધ કરાવવામાં આવી છે. પરંતુ શહેરમાં ખાનગી વાહનોમાં સોશ્યલ ડિસ્ટન્સ વગર મુસાફરો ભરીને વહન કરતાં વાહનો માટે પોલીસ રહેમનજર રાખી રહી છે. ત્યારે શું ખાનગી વાહનોમાં ઘેટા બકરાંની જેમ મુસાફરો ભરી વહન કરતાં કોરોના સંક્રમણ વધતું નથી. તેવા પ્રશ્નો નગરજનોમાં ઉઠી રહ્યા છે.

ગોધરા શહેરમાં પોલીસ તંત્ર દ્વારા કોરોનાના કેસ વધતાં સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતું હોય તેવી નાસ્તાની લારીઓ તેમજ ચાની લારીઓ બંધ કરાવી દેવામાં આવી છે. માર્ચ મહિના થી જુન મહિના સુધી લોકડાઉનના સમયગાળામાં ધંધા-રોજગાર બંધ રહેતા નાની લારીઓ-ગલ્લા અને ચાનો ધંધો કરતા ધંધાદારીઓની સ્થિતી કફોળી બની હતી. માંડ માંડ ધંધા રોજગાર રાબેતા મુજબ થયા હતા.

### ★ શહેરમાં પોલીસની નજર સામે પ્રાઈવેટ વાહનોમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી.
### ★ સોશ્યલ ડિસ્ટન્સ નહિ જાળવતા ખાનગી વાહનો ઉપર કાર્યવાહી કરાશે ખરી ?

ત્યાં કોરોના કેસમાં વધારો થયો જેને રાજ્ય સરકાર દ્વારા ચાર મહાનગરો સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટમાં રાત્રીના સમયે કરફ્યુ જાહેર કરવામાં આવ્યો છે. સાથે અમદાવાદ શહેરમાં ૫૭ કલાકનો કરફ્યુલગાવી દેવામાં આવ્યો હતો. કોરોના સંક્રમિત કેસમાં વધારો ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમ છતાં લોકોમાં કોરોનાનો ભય જતો રહ્યો હોય તેવી સ્થિતી જોવા મળી રહી છે. જાહેર સ્થળો ઉપર લોકો માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળી રહ્યો છે.

ગોધરા શહેરમાં ચાની લારીઓ તેમજ નાસ્તાની લારીઓ ઉપર કોરોના કાળમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહ્યું, નથી. જેને ધ્યાનમાં લઈ પોલીસ તંત્ર દ્વારા શહેરના ચબુતરા તળાવ વિસ્તાર અ ને બગીચા રોડ ઉપર ઉભી રહેતી નાસ્તા અને ચાની લારીઓ બંધ કરાવવામાં આવી છે. પોલીસ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતું હોય તેવા ધંધા રોજગાર બંધ કરાવવા કોરોના મહામારીમાં જરૂરી છે. કોરોના સંક્રમણ માત્ર ચા અને નાસ્તાની દુકાનો ઉપર ન જળવાતા સોશ્યલ ડિસ્ટન્સ થી વધે છે. તેવી માન્યતા કયાંક ખોટી લાગી રહી છે. કારણ કે શહેરના બસ સ્ટેન્ડ વિસ્તાર, ભુરાવાવ, બી.વી.ગાંધી પેટ્રોલ પંપ પાસે ઉભા રહેતા ખાનગી વાહનોમાં ઘેટા બકરાંની જેમ કોઈપણ જાતના સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યા વગર મુસાફરોની હેરફેર કરવામાં આવી રહી છે. તે કોરોના સંક્રમણને વધારી શકે છે. આવા ખાનગી પેસેન્જર વાહનોમાં સોશ્યલ ડિસ્ટનસ જળવાઈ છે કે કેમ તેની ઉપર કયાંક પોલીસનું ધ્યાન જતું નથી. કોરોના મહામારીમાં માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ સંક્રમણથી બચાવી શકે છે. ત્યારે પોલીસ તંત્ર આવા ખાનગી વાહનો દ્વારા ફેલાતા કોરોના રોગ ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરે તે જરૂરી છે.

### પોલીસની બેવડી નીતિ સામે ચા-નાસ્તાની લારીઓવાળાઓમાં છુપો રોષ

ગોધરા શહેરમાં પોલીસ તંત્ર દ્વારા ચા-નાસ્તાની લારીઓ ઉપર સોશ્યલ ડિસ્ટન ન જળવાતું હોય તેમ કહીને બંધ કરાવી દેવામાં આવી છે. ત્યારે બીજી તરફ ચા અને નાસ્તાનો દુકાનોમાં ધંધો કરતાં ધંધાદારીઓને ત્યાં ભેગા થતા ગ્રાહકોને લઈ સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી. તેમ છતાં નાસ્તાની લારીઓ અને ચાની લારીઓને સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ઉપયોગ થતો ન હોવાના બહાને ધંધા રોજગાર બંધ કરવામાં આવ્યો છે. જેને લઈ નાના ધંધાદારીઓમાં પોલીસની બેવડી કામગીરી સામે છુપો રોષ વ્યકત કરી રહ્યા છે.

# પંચમહાલ જીલ્લામાં આજે ૨૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૦૮૧ થયો




### - ૧૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.
### - એકટીવ કેસ ૧૮૧.
### - મૃત્યુ આંક - ૧૨૧.

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૪ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૦૮૧ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૮, હાલોલ-૧૪, શહેરા-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના કેસ વધ્યા : કોરોના વોરીયર્સ એવા ૧૦ પોલીસ કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવ્યા

ગોધરા, પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના સંક્રમિત કેસ વધી રહ્યા છે. તેમાં પણ કોરોના વોરીયર્સ તરીકે દિવસ-રાત ફરજ બજાવતા ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના ૧૦ પોલીસ કર્મીઓમાં ફફડાટ જોવા મળ્યો.

ગોધરા શહેર નગર પાલિકા આરોગ્ય વિભાગ દ્વારા બી ડીવીઝન પોલીસ મથકના ૨૮ જેટલા પોલીસ કર્મીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. નગર પાલિકા આરોગ્ય વિભાગ દ્વારા બી ડીવીઝન પોલીસ કર્મીઓના લેવામાં આવેલ સેમ્પલો પૈકી ૧૦ પોલીસ કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવ્યા હતા. ગોધરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની કામગીરીમાં રાત-દિવસ ફરજ બજાવતા હોય તેવા કોરોના વોરીયર્સ પોલીસ કર્મચારી એવા ૧૦ કર્મચારીઓના પોઝીટીવ કેસ આવતાં સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગોધરા કોરોના સંક્રમિત કેસ વધી રહ્યા છે. વહીવટી તંત્ર આરોગ્ય વિભાગ દ્વારા લોકોને માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેવી અપીલ કરવામાં આવી રહી છે. તેમ છતાં કોરોના મહામારીમાં કોરોના પ્રત્યે બેદરકારી મોંઘી પડી શકે છે. તેમ છતાં લોકો કોરોના ને સર્તકતા થી લેતા નથી. તેવા લોકો માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ માટે જાગૃતા લાવે તે જરૂરી છે.

## યુથ આઈકોન ફાઉન્ડેશન ગુજરાત ટીમ વતી ગોધરા સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને ફ્રુટ વિતરણ કરાયું



ગોધરા, યુથ આયકોન ફાઉન્ડેશન છેલ્લા ચાર વર્ષથી આખા ભારતમાં કાર્યરત છે સંસ્થા હંમેશાં વિવિધ પ્રવૃત્તિઓ કરે છે યુથ આઈકોન ફાઉન્ડેશનના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઉવેશ કલંદર અને યુથ આઈકોન ફાઉન્ડેશનના પ્રેસિડન્ટ સબિલ સૈયદ તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતની ટીમે આ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો.યુથ આઈકોન ફાઉન્ડેશનના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઉવેશ કલંદર અને નાયબ પ્રમુખ ઉસ્માન દુલ્લી સાહેબ સહિત ની આખી ટીમે આ પ્રોજેક્ટ (કાર્યક્રમ) ને સફર કરવા માટે વિશેષ પ્રયત્નો કર્યા હતા. ગોધરા ના સિવિલ સર્જન માનનીય એમ.જી. સાગર સાહેબ અને આર.એમ.ઓ. મયુંરિ મેડમનું યુથ આયકન ફાઉન્ડેશન ગુજરાત ટીમ વતી સમ્માન કરવામાં આવયું. ગુજરાત રાજ્યના ઉપપ્રમુખ ઉસ્માન દુલ્લી ગુજરાત પ્રદેશ પ્રમુખ ઉવેશ કલંદર એ તે સૌનો આભાર માન્યો. યુથ આઈકોન ના સીઈઓ સબિલ સૈયદે ગુજરાત ટીમની પ્રશંસા કરી હતી. ડો. એમ.જી. સાગર અને તેમની પૂરી ટીમ એ યુથ આઈકોન ફાઉન્ડેશન મજબુત થાય એવી શુભેચ્છા પાઠવી હતી.

## હાલોલ તાલુકાના વિરોજ હનુમાનીયા કોલોનીમાં યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

હાલોલ, હાલોલ તાલુકાના વિરોજના ફળીયા હનુમાનીયા કોલોની ગામે રહેતા ૪૨ વર્ષીય યુવાને અગમ્યકારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના વિરોજના ફળીયા હનુમાનીયા કોલોની ગામે રહેતા જગદીશભાઈ હરસિંહ નાયક ઉ.વ.૪૨ એ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મરણ ગયા હતા. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

## ગુજરાતથી મહારાષ્ટ્ર જતા લોકો માટે હવે કોરોનાનો ટેસ્ટ કરાયો ફરજીયાત

વડોદરા, કોરોના વાયરસે ભારતમાં ફરી એકવાર ઉથલો માર્યો છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં તો કોરોનાની સ્થિતિ અતિ ગંભીર છે જે થોડી પણ સાવચેતી ના રાખવાથી વધારે ભયંકર બની શકે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ગુજરાતથી મહારાષ્ટ્ર જનારા લોકો માટે હવે કોરોનાનો ટેસ્ટ કરાવવો ફરજીત રહેશે. ગુજરાતથી મુંબઈ પહોંચનાર બધા પ્રવાસીઓને ફ્લાઈટ બોર્ડ કરતા પહેલા આરટીપીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. મહારાષ્ટ્ર સરકારના નવા આદેશ પ્રમાણે મુંબઈ જવા માટે કોવિડ ટેસ્ટનો નેગેટિવ રિપોર્ટ જરૂરી રહેશે.

જો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવશે તો મહારાષ્ટ્રમાં પ્રવેશ મળશે નહીં. મહારાષ્ટ્ર સરકારે કોરોનાથી પ્રભાવિત ક્ષેત્રોની ફ્લાઈટ્સ અને ટ્રેનો પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા જાહેર કરેલા નવા દિશાનિર્દેશોના માધ્યમથી ગુજરાત, દિલ્હી, રાજસ્થાન, ગોવા એમ ૪ રાજ્યોમાંથી આવનાર બધા લોકો માટે કોરોનાનો ટેસ્ટ કરાવવો ફરજીયાત છે. નવા આદેશ પ્રમાણે પ્લેન અને ટ્રેનથી યાત્રા કરનાર લોકોને ઉડાનોની બોર્ડિંગ પહેલા આ પ્રમાણપત્ર દેખાડવા પડશે.

આમ ગુજરાતથી મોટી સંખ્યામાં મહારાષ્ટ્ર તેમાં પણ ખાસ કરીને મુંબઈ જનારા લોકો માટે આ અહેવાલ ખાસ મહત્વના છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રવિવારે રાજ્યના લોકોને કોવિડ-૧૯ વિરુદ્ધ સાવધાનીઓ ઓછી નહીં કરવા અને બીજા લોકડાઉનથી બચવા માટે સ્વાસ્થ્ય સુરક્ષા નિયમોનું કડકાઈથી પાલન કરવાની અપીલ કરી હતી.

# જાંબુઘોડા પોલીસે નાકાબંધી કરી નારૂકોટા ગામ પાસે કત્તલના ઈરાદે લઈ જવાતા ૧૦ ગૌવંશને બચાવી લેવાયા



જાંબુઘોડા, જાંબુઘોડા તાલુકા પોલીસ મથકના પો.સ.ઈ.ને મળેલ બાતમીના આધારે નારૂકોટ ગામે નાકાબંધી કરી મોટર સાયકલ તથા ટેમ્પો માંથી ૧૦ ગૌવંશ અને મુદ્દામાલ મળી ૩,૫૦,૦૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકા પોલીસ મથકના પો.સ.ઈ. એચ.એ.રાઠોડ અને પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળી હતી કે, કાલોલ-વેજલપુર ગામે રહેતા સાજીદ ઉર્ફે સાજન અહેમદ ભુરા ટેમ્પો નં. જીજે.૦૨.ટી.૯૧૫૦ માં કત્તલના ઈરાદે પશુભરીને પસાર થવાના છે. તેમજ મોટર સાયકલ નંબર જીજે.૧૭.બીસી.૫૭૯૯ તેમજ બાઈક નંબર જીજે.૦૭.બીએસ.૪૨૪૫ ઉપર પોતે તથા તેના માણસો પશુઓ ભરેલ ટેમ્પાનું પાયલોટીંગ રખાવી ઉચાપાન થી જાંબુઘોડા થઈ હાલોલ રસ્તે જવાના હોય તેવી બાતમીના આધારે પોલીસે નારૂકોટ ગામે નાકાબંધી કરી મોટર સાયકલ તથા ટેમ્પોને રોકયો હતો. અને ટેમ્પો ચેક કરી ૧૦ ગૌવંશ ટેમ્પો સ્પ્લેન્ડર બાઈકો બે, મોબાઈલ ફોન મળી કુલ ૩,૫૦,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે હમીદઅલી હુસેન અલી મકરાણીને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે અન્ય ઈસમો નાશી છુટીયા હતા. આ બાબતે જાંબુઘોડા પોલીસે પશુઅત્યાચારની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જિલ્લામાં કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા બાળ સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ




તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં કલેકટર અમિત અરોરાના અધ્યક્ષ સ્થાને જિલ્લા બાળ સુરક્ષા સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. કલેકટરએ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડની કામગીરી, બેઠક અને કેસોની સંખ્યા વિશે માહિતી મેળવી હતી. તેમણે સમિતિ દ્વારા કરવામાં આવતા કાઉન્સેલિંગના પરિણામનો અહેવાલ રજૂ કરવા સૂચના આપી હતી. પાલક માતા-પિતા યોજનાના અસરકારક અમલ માટે જિલ્લાના ચોક્કસ વર્ગ/૧ અધિકારીઓને લાભાર્થી બાળકના ઘરની રૂબરૂ મુલાકાત લઈ લાભ ચોક્કસપણે મળે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં પાલક માતા પિતા યોજના અંતર્ગત ૯૯૮ બાળકોને લાભ આપવામાં આવી રહ્યા છે. પંચમહાલ જિલ્લામાં બાળ મજૂરી સંદર્ભે શ્રેષ્ઠ કામગીરી બદલ રાજ્ય કક્ષાએ મળેલ એવોર્ડ માટે ટીમની કામગીરીની સરાહના કરી હતી. સમાહર્તાએ જિલ્લામાંથી મળી આવેલ બાળકોની ઓળખ, તેમની પુનઃસ્થાપના, તેમના વાલીઓ સાથે મેળાપ માટે કરવામાં આવેલા પ્રયાસો અને પરિણામ વિશે વિગતવાર માહિતી મેળવી હતી. ગર્લ્સ ચિલ્ડ્રન હોમમાં સલામતીની પુરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમણે જણાવ્યું હતું. પંચમહાલ જિલ્લામાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ થયેલા રજીસ્ટ્રેશન થયેલ સંસ્થાઓની અને બાળકો વિશે માહિતી મેળવી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ, પોલીસ વડા ડો. લીના પાટીલ, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, કાર્યપાલક ઈજનેર સહિતના અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલના અલીન્દ્રા થી સમડીયા જવાના માર્ગે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એકનું મોત

કાલોલ, કાલોલ તાલુકાના અલીન્દ્રા થી સમડીયા ગામે જવાના રસ્તા ઉપર બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એક બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના અલીન્દ્રા થી સમડીયા ગામે જવા રસ્તા ઉપર પસાર થતા બાઈક નંબર જીજે.૧૭.બીઆર.૦૪૩૦ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી સામેથી આવતી બાઈક નંબર જીજે.૧૭.બીએફ.૬૬૨૨ને અથવાડી દીધી હતી. જેને લઈ ચાલક ખુમાનસિંહ ઉદેસિંહ રાઠોડ ઉ.વ.૫૦ને પગમાં તેમજ ધર્મેન્દ્રકુમાર તથા સવિતાબેનને ઈજાઓ થવા પામી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ ધર્મેન્દ્રકુમાર તથા ખુમાનસિંહ રાઠોડને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. દવા સારવાર દરમ્યાન ખુમાનસિંહ રાઠોડનું મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ રહીમ કોલોની પાછળ જુગાર રમાડતા ઈસમને પોલીસે ઝડપ્યો

હાલોલ, હાલોલ રહીમ કોલોની પાછળના ભાગે જાહેરમાં ફરક આંકનો જુગાર રમાડતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન એક ઈસમને ૫૬૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ રહિમ કોલોની પાછળ ભાગે જાહેરમાં ફરક આંકને જુગાર રમી અને રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન જુમ્માશા રહિમશા દિવાનને સ્લીપ બુક સહિત ૫૬૫૦/-રૂપીયાના સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાના સદનપુર ગામે કુવામાં ખાબકેલ બે નીલ ગાયોનું વન વિભાગે રેસ્કયુ કરી જીવ બચાવ્યા

શહેરા, શહેરા તાલુકાના સદનપુર ગામે બે નીલ ગાય કુવામાં પડી જતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગે રેસ્કયુ કરી બે નીલ ગાયોને બચાવી.

વિસ્તૃત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના સદનપુર ગામે ડાભી ફળીયામાં આવેલ કુવામાં બે નીલ ગાય પડી ગઈ હતી. નીલ ગાય કુવામાં પડવા અંગે શહેરા વન વિભાગને જાણ કરાઈ હતી. ફોરેસ્ટ વિભાગની ટીમ તથા લુણાવાડાના એનજીઓ દ્વારા કુવામાં પડેલ નીલ ગાયોને બહાર કાઢવા માટે રેસ્કયુ કરવામાં આવ્યું હતું. ભારે જહેમત બાદ કુવામાં પડેલ બન્ને નીલ ગાયોને કુવામાંથી બહાર કાઢીને જીવ બચાવવામાં આવ્યા.